RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 314* Date: 03.09.2023,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## મેયરનો તાજ કોના શિરે જશે?

# અમદાવાદ, વડોદરા અને રાજકોટ કોર્પોરેશનમાં નવા પદાધિકારીઓની નિમણૂક માટે સેન્સ પ્રક્રિયા; ૧૧મી સપ્ટેમ્બરે નામ જાહેર કરાશે







રાજયની મહાનગરપાલિકાઓમાં ભાજપના મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના પદાધિકારીઓની ટર્મ પૂર્ણ થઈ રહી છે. ત્યારે અમદાવાદ, વડોદરા, રાજકોટ સહિતના શહેરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવા પદાધિકારીઓની નિમણૂક માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. શહેરના તમામ ધારાસભ્યો, સંગઠનના હોદ્દેદારો અને કોર્પોરેટરોને બોલાવી કોને મ્યુનિ.માં હોદ્દેદાર બનાવવા તે અંગે સૂચન માગ્યા છે. અમદાવાદમાં સવારે ૧૦.૩૦ વાગ્યાથી પ્રદેશમાંથી આવેલા નિરીક્ષકો કે. સી. પટેલ, રાણા દેસાઈ અને ભીખીબેન પરમાર દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ સાથે જ વડોદરાનો સર્વાંગી વિકાસ થાય તેવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતીના ચેરમેનની નિમણૂક કરવા માટે પ્રદેશ નિરીક્ષકોની ટીમ વડોદરા ખાતે આવી પહોંચી હતી.વડોદરામાં ભાજપા કાર્યાલય ખાતે ત્રણ સભ્યોની નિરીક્ષક ટીમ દ્વારા સવારથી એક પછી એક વોર્ડના કાઉન્સિલરોના અભિપ્રાયો લેવાની શરૂઆત કરી હતી. જેમાં કેટલાંક કાઉન્સિલરોએ જણાવ્યું હતું કે, 'આ સેન્સ પ્રક્રિયા માત્ર નાટક છે, ત્રણે હોદ્દા માટેના નામે નક્કી જ હોય છે.'અમદાવાદમાં સવારથી જ વિધાનસભા મુજબના તમામ કોર્પોરેટરો અને હોદ્દેદારો શાહીબાગના ઓસ્વાલ ભવન ખાતે પહોંચી ગયા છે. તમામ કોર્પોરેટરો એકબીજાની સાથે પોતાના નામનું સમક્ષ મુકવા માટે થઈને એકબીજાની સાથે ચર્ચા કરી રહ્યા હતા. હવેના મેયર તરીકે મહિલાની નિમણૂક કરવાની છે. મહિલાઓમાં કોણ કોણ દાવેદાર છે તે અંગેની ચર્ચાઓ ચાલી છે. તો કેટલીક મહિલાઓ તો પોતાના લઈને પણ પોતાનું મહિલા મેયર તરીકેની દાવેદારી નોંધાવવા માટે પહોંચી ગયા છે.આ અંગે શહેર ભાજપ પ્રમુખ અમિત શાહે જણાવ્યું હતું કે, આજે ભાજપ પ્રદેશની સૂચના અનુસાર સેન્સ લેવાશે. જેમાં ૩ નિરિક્ષકો દ્વારા સેન્સ લેવામાં આવી રહી છે. શહેરના ધારાસભ્યો, હોદ્દેદારો અને કોર્પોરેટરોને સાંભળવામાં આવશે. સેન્સ લેવાયા બાદ રિપોર્ટ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની આપવામાં આવશે. રિપોર્ટ બાદ પાર્લામેન્ટ્રી બોર્ડ નક્કી કરશે કે કોને શું હોદ્દો આપવો. આજે સાંજ સુધી આ સેન્સ પ્રક્રિયા ચાલશે.

સૌથી પહેલા પ્રદેશના પદાધિકારીઓ પાસેથી નામ અંગેનું સૂચન લેવામાં આવી છે. પ્રદેશ બાદ શહેરના ધારાસભ્યો સંગઠનના હોદ્દેદારો, સંગઠનની મહિલાઓ અને વિવિધ મોરચાના હોદ્દેદારો અને સૌથી છેલ્લે કોર્પોરેટરોના મત લેવામાં આવશે. સૌથી પહેલા અમદાવાદ શહેરના ગાંધીનગર દક્ષિણ, સાબરમતી, નારણપુરા, ઘાટલોડીયા અને એલિસ બ્રિજ વિધાનસભાના ધારાસભ્યોની સેન્સ લેવામાં આવશે. જે પણ નામનું સૂચન કરવામાં આવશે તે તમામ નામોને નિરીક્ષકો દ્વારા પ્રદેશને મૂકવામાં આવશે. જે નામ ૧૧મી સપ્ટેમ્બરના રોજ સવારે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મળનારી સામાન્ય સભામાં નામ જાહેર થશે.વડોદરાને આગામી અઢી વર્ષ માટે નવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતીના ચેરમેન આપવા માટે કાઉન્સિલરોનો અભિપ્રાય જાણવા માટે પ્રદેશ નિરીક્ષકો પૂર્વ સાંસદ દિપક સાથી, ધારાસભ્ય રાકેશ શાહ અને ખેડા જિલ્લા પંચાયતના પ્રમુખ નયનાબહેન પટેલ વડોદરા ખાતે આવી પહોંચ્યા હતા. સયાજીગંજ મનુભાઇ ટાવર સ્થિત ભાજપા કાર્યાલય ખાતે એક પછી એક વોર્ડના કાઉન્સિલરો, પ્રભારીઓને બોલાવી મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેન માટેના અભિપ્રાયો લીધા હતા.મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી ચેરમેન માટે સેન્સ આપનાર અને સેન્સ આપવા માટે આવેલા કેટલાંક કાઉન્સિલરોએ જણાવ્યું હતું કે, વડોદરાને સ્વચ્છ પ્રતિભાવાળા, શિક્ષીત અને વડોદરાનો સર્વાંગી વિકાસ કરી શકે તેવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ સમિતીના ચેરમેન મળે તેવી અમે લાગણી વ્યક્ત કરીએ છે. જોકે, ભાજપા દ્વારા સેન્સ લેવાની જે પ્રક્રિયા છે તે માત્ર દેખાડો છે. વડોદરાને કયા મહિલા મેયર આપવા, કોણે ડેપ્યુટી મેયર બનાવવા અને કોણે સ્થાયી સમિતીના ચેરમેન બનાવવા તે નક્કી જ હોય છે.મેયરની રેષમાં ડેપ્યુટી મેયર નંદાબહેન જોષી, સ્નેહલબહેન પટેલ, સંગીતાબહેન ચોક્સી તેમજ પૂર્વ મેયર અને એક ધારાસભ્યના અંગત મનાતા હેમીશા ઠક્કરના નામો ચર્ચાઇ રહ્યા છે. જ્યારે ડેપ્યુટી મેયરની રેષમાં શૈલેષ પાટીલ, ઘાનશ્યામ પટેલ, ડો. રાજેશ શાહ અને મહાવિર રાજપુરોહીતના નામો ચર્ચાઇ રહ્યા છે. કોર્પોરેશનની મલાઇદાર ગણાતી સ્થાયી સમિતીના ચેરમેન માટે મનોજ પટેલ (મચ્છો), ચિરાગ બારોટ, એક ધારાસભ્ય દ્વારા પ્રયત્નો કરી રહેલા અજીત દધીચ અને ડો. શિતલ મિસ્ત્રીના નામો ચર્ચાઇ રહ્યા છે. જોકે, ભાજપા મોવડી દ્વારા ડો. હિતેન્દ્ર પટેલને રિપીટ પણ કરવામાં આવે તો નવાઇ નહીં.આવી હતી. જો કે, આ વખતે રોટેશન મુજબ મેયર પદ પર મહિલા અનામત હોવાથી મહિલા મેયર બનશે એ વાત નક્કી છે. રાજકોટના નવા મેયર તરીકે ચર્ચાતા ૬ નામોમાં હાલ ડો. દર્શનાબેન પંડ્યા, જયોત્સ્નાબેન ટીલાળા, નયનાબેન પેઢડિયા, ભારતીબેન પરસાણા, વર્ષાબેન રાણપરા અને પ્રીતિબેન દોશીનું નામ ચર્ચાઈ રહ્યું છે.આખરી નિર્ણય મવડી મંડળ નક્કી કરી મેયરનો તાજ કોના સિરે પહેરાવશે તે જોવું મહત્ત્વનું રહેશે.

## ગોવા સરકાર દ્વારા અંત્યોદય અન્ન યોજનાના કાર્ડ ધારકોને ૪૨૮ રૂપિયામાં સિલિન્ડર મળશે.

પણજી,તા.૨

કેન્દ્ર સરકારે તાજેતરમાં ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતમાં ઘટાડો કર્યા બાદ રેશનકાર્ડ ધારકોને સરકાર તરફથી ભેટ મળી છે. કેન્દ્ર સરકારે સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કર્યા બાદ ગોવા સરકારે મોટી જાહેરાત કરી છે. રાજ્ય સરકાર દ્વારા કરાયેલી જાહેરાત બાદ અંત્યોદય અન્ન યોજનાના કાર્ડ ધારકોને ૪૨૮ રૂપિયામાં સિલિન્ડર મળશે. હકીકતમાં, ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત અને કેન્દ્રીય મંત્રી શિરપદ વાય નાઈકે પણજીમાં એલપીજી સિલિન્ડર રિફિલિંગ માટે 'મુખ્યમંત્રી નાણાકીય સહાય યોજના' શરૂ કરી.

યોજના હેઠળ, રાજયના અંત્યોદય અન્ન યોજના કાર્ડ ધારકોને રાજ્ય સરકાર દ્વારા સિલિન્ડર પર ૨૭૫ રૂપિયાની સબસિડી આપવામાં આવશે. આ અવસર પર ગોવાના સીએમએ કહ્યું, 'પીએમ મોદીએ અગાઉ એલપીજી સિલિન્ડર માટે ૨૦૦ રૂપિયાની સબસિડી આપવાની જાહેરાત કરી હતી. તમને જણાવી દઈએ કે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ૨૦૦ રૂપિયાની કેન્દ્રીય સબસિડી આપવામાં આવી રહી છે.

## સ્પેશિયલ ઓલિમ્પિક્સ ગુજરાત વડોદરા દ્વારા યુનિફાઇડ ફૂટબોલ ટીમની પસંદગી





સ્પેશિયલ ઓલિમ્પિક્સ એશિયા પેસેફિક દ્વારા યુનિફાઇડ ફૂટબોલ રમતનું ઢાકા, બાંગ્લાદેશ ખાતે ટૂંક સમયમાં સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ૧૬ થી ૨૧ વર્ષના મનો દિવ્યાંગ ભાઈઓ બહેનો ભાગ લઈ શકશે. વડોદરાના મનોદિવ્યાંગ ખેલાડીઓ ભાગ લઈ શકે તે હેતુથી સ્પેશિયલ ઓલિમ્પિક્સ વડોદરા ના સ્પોર્ટ્સ ડાયરેક્ટર ડૉ. વિકાશ અગ્રવાલ અને ગ્રોથ એન્ડ ડેવલોપમેન્ટ મેનેજર શ્રી લક્ષ્મણસિંહ રાઠોડ ના પ્રયત્નોથી સ્પેશિયલ બાળકો માટે કેમ્પ અને સિલેક્શન ટ્રાયલ તાજેતરમાં અકોટા સ્ટેડિયમ વડોદરા ખાતે યોજવામાં આવ્યું હતું. જ્યાં સ્પેશિયલ બાળકો એ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ ઉપરાંત તેમના માટે યુનિફાઇડ પાર્ટનર તરીકે ફૂટબોલ કોચ એઝાજ મિર્ઝાના ની ફૂટબોલ એકેડમી ના ખેલાડીઓએ ભાગ લીધો હતો.ઉપસ્થિત મનો દિવ્યાંગ અને તેમના પાર્ટનર (નોર્મલ) ખેલાડીઓ ના સ્કીલ ટેસ્ટ લેવામાં આવ્યા હતા. ત્યાર પછી તેમનું સિલેક્શન કરવામાં આવ્યું હતું. સિલેક્ટેડ મનો દિવ્યાંગ ખેલાડી અને તેમના યુનિફાઇડ પાર્ટનર હવે પછી ગુજરાતના ફાઈનલ સિલેક્શન માટે આવનાર સમયમાં અમદાવાદ ખાતે ભાગ લેશે ત્યાર પછી તે ગુજરાતની ટીમ તરીકે રાષ્ટ્રીય સ્તરે પોતાનું પ્રદર્શન કરશે. ત્યાંથી તેમનું આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે પસંદગી થવાની સંભાવનાઓ છે.

## વૃંદાવન ને વ્રજભૂમિ સમી બી-કનઈ શાળામાં કૃષ્ણ પર્વ – "કૃષ્ણજન્મોત્સવની" ભવ્ય ઉજવણી કરવામાં આવી.

નંદોત્સવ, કૃષ્ણ પર્વ, જન્માષ્ટમી જેવા વિવિધ નામોથી આપણે સૌ માધવના જન્મદિનની ઉજવણી કરીયે છીએ. અંધકાર થી ઉજાસનો માર્ગ, પ્રેમ અને સ્નેહ દ્વારા પ્રાપ્ત થાય છે. તે આપણે સૌ શ્રીકૃષ્ણના જીવન ચરિત્ર પરથી શીખીયી છીએ અને તેના પરિણામ સ્વરૂપે જ સકળ સૃષ્ટિમાં સમભાવ, સહભાવ, વિશ્વાસ નામનું ઝરણું સતત વહી રહ્યું છે અને આ સૌના પ્રતિક સમ વ્રજભૂમિ સમી સ્નેહના સરવાળા સમા સકળ સૃષ્ટિનાં સ્વામી શ્રીકૃષ્ણનાં જન્મદિન નિમિત્તે મોડાસા કેળવણી મંડળનાં પ્રમુખ શ્રી બિપીનભાઈ શાહ સેક્રેટરી શ્રી ધીરેન પ્રજાપતિ ઉપસ્થિત રહી કૃષ્ણજન્મોત્સવ પર્વનાં સાક્ષી બન્યા હતા. મંડળનાં સેક્રેટરીશ્રી નિખિલ શાહ તથા હોદ્દેદારો ઉપસ્થિત રહેલ



આ પ્રસંગે બી - કનઈ શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા મંત્રમુગ્ધ અને મનને હરી લે તેવી મનોહર કૃતિઓ શ્રીહરિનાં સાનિધ્યમાં શ્રીહરિની સંક્ષિપ્ત ઝાંખી રૂપે પ્રસ્તુત કરવામાં આવી હતી. જેમાં કૃષ્ણજન્મ, કૃષ્ણ બાળ લીલા, રાધા કૃષ્ણ તથા ગોપ-ગોપી રાસ, નાગ દમન તથા જન્મોત્સવ નિમિત્તે નાના ભૂલકાઓ દ્વારા સુંદર નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું તેમજ સૌનો પ્રિય એવો 'મટકીફોળ' નું ખુબ જ ભવ્ય આયોજન કરવામાં આવેલ જન્મદિન નિમિત્તે બી - કનઈ શાળા પરિવારનાં કેમ્પસ ડાયરેક્ટર શ્રી જે. પી ઉપાધ્યાય પરોક્ષ રીતે પોતાની હાજરી આપી સંદેશ અને સંચાર દ્વારા સૌને આ પવિત્ર પર્વની શુભકામનાઓ પાઠવી હતી, તેમજ શાળાનાં આચાર્ય શ્રી કુંદન સિંહ જોદ્ધા એ ભગવાન શ્રીકૃષ્ણનાં જીવન કવનનો પરિચય આપી સ્નેહપૂર્વક સૌને અભિનંદન પાઠવ્યા હતા. શાળાના વાઈસ પ્રિન્સિપાલ શ્રી વિક્કી ડી સોની ઉપસ્થિત મહેમાનશ્રીઓનું શાબ્દિક અભિવાદન કરીને આભાર વ્યક્ત કર્યો હતો તેમજ કાર્યક્રમને સફળ બનાવવા બદલ ઈન્ચાર્જ શ્રીમતી સોનલબેન શર્મા, શ્રીમતી અક્ષરા ખીલવાણી અને શ્રીમતી ક્રિષ્નાબેન જોશી, તેમજ સમગ્ર શાળા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.


તંત્રી લેખ......

# વેબસાઈટની નકલ

સાઈબર ક્રાઈમને લઈને દેશની સર્વોચ્ચ અદાલતની ચિંતા સુખદ છે. સર્વોચ્ચ અદાલતની રજિસ્ટ્રીએ એક એડવાઈઝરી બહાર પાડી છે અને લોકોને એ કૌભાંડ વિશે ચેતવ્યા છે, જેમાં સાઈબર અપરાધી લોકોની અંગત માહિતી અને ગોપનીય ડેટા ચોરવા માટે સર્વોચ્ચ ન્યાયાલયના નામનો ઉપયોગ કરી રહ્યા હતા. આ કેટલી સંગીન વાત છે કે સાઈબર અપરાધીઓ સુપ્રીમ કોર્ટની સત્તાવાર વેબસાઈટની પણ નકલ બનાવી ચૂક્યા છે અને તેના દ્વારા લોકોને ભરમાવવામાં આવે છે. સાઈબર અપરાધી લોકોને આ વેબસાઈટ દ્વારા વિવિધ પ્રકારના વ્યક્તિગત વિવરણ માંગે છે અને દેખીતું છે કે તેનો ઉપયોગ છેતરપિંડી માટે જ થાય છે. દેશમાં સર્વોચ્ચ ન્યાયલય પ્રત્યે લોકોમાં બહુ સન્માન અને વિશ્વાસની ભાવના છે. જો કોઈ ન્યાયાલયનું નામ ખરાબ કરવા માંગે છે તો તે અક્ષમ્ય અપરાધ છે. ન્યાયાલયની રજિસ્ટ્રીએ સલાહ આપી છે કે લોકો બહુ પરખ્યા બાદ જ કોઈ વેબસાઈટ સાથે જોડાય. સર્વોચ્ચ ન્યાયાલય ક્યારેય પણ કોઈ વ્યક્તિની કોઈ ગોપનીય માહિતી નથી માંગતી. સલાહ આપવામાં આવી છે કે લોકો કોઈપણ પ્રાપ્ત લિંકની પ્રામાણિકતાની ખરાઈ કર્યા વિના ના તો ક્લિક કરે કે ના તેને કોઈની સાથે શેર કરે.

ન્યાયાલયના આ દિશાનિર્દેશનું અક્ષરશઃ પાલન થવું જોઈએ. દેશમાં લોકોને ફસાવવાની કોશિશ થતી જ રહે છે, જેને સાઈબર ભાષામાં 'ફિશિંગ' કહે છે, આ ફિશિંગ વિરુદ્ધ પૂરતી કડકાઈ રાખવાની જરૂર છે. ખાસ કરીને જે પ્રતિષ્ઠિત અને વિશ્વસનીય સંસ્થા છે, તેના નામ કે યુઆરએલ સાથે ભળતા કોઈપણ નામનું રજીસ્ટ્રેશન ન થવું જોઈએ. ડોમેન વેચનારી કોઈપણ કંપનીને સતર્ક કરવી જોઈએ કે ભળતા નામે કોઈપણ અપરાધી કોઈ વેબસાઈટ ન ખોલી શકે. આજે જો સર્વોચ્ચ ન્યાયાલયે દિશા-નિર્દેશ જારી કરવા પડ્યા છે, તો સ્થિતિની ગંભીરતા બદી જવાબદારી સરકારી સંસ્થાઓએ સમજવી જોઈએ. એક તો વેબસાઈટના ભળતા નામને મંજૂરી જ ન મળે અને જો કોઈ ચોરીથી એવી વેબસાઈટ બનાવી પણ લે તો તેને આકરો દંડ કરવો જોઈએ. કેટલીય સરકારી કે બિનસરકારી સંસ્થાઓનાં નામ અને વેબસાઈટની સચ્ચાઈ સુનિશ્ચિત કરતાં સાઈબર સેવાઓનો વિસ્તાર કરવો જોઈએ. જમતાડા અને મેવાત જેવા ક્ષેત્રોમાં બેસીને દેશ અને ઈન્ટરનેટ સેવાની વિશ્વસનીયતા સાથે રમત કરી રહેલા અપરાધીઓ પર સકંજો કસવો અનિવાર્ય છે. જો આવી છેતરપિંડી રોકવા માટે જવાબદાર સંસ્થાઓ યોગ્ય રીતે કામ કરતી હોત તો ન્યાયાલયે આજે દિશા-નિર્દેશ જારી કરવાની જરૂર ન પડતી. સાઈબર દુનિયામાં થી રહેલી લાખો રૂપિયાની ઠગાઈ અસલમાં દેશની કાયદો-વ્યવસ્થાને પડકાર છે. હાલમાં જ પુણેમાં સાઈબર ક્રાઈમ મામલે એક વ્યક્તિએ ૧૮ લાખ રૂપિયાથી વધુ ગુમાવી દીધા છે.

# સેવન ડોટ્સ ના સાત રંગોની વિવિધતા વૈવિધ્યપૂર્ણ કલાસર્જન દ્વારા દર્શાવાયી."





ભારત કલા તથા સંસ્કૃતિ થી સમૃદ્ધ દેશ છે. ભારતીય સંસ્કૃતિમાં પણ વિવિધ કલા વણાયેલી રહી છે. પ્રત્યેક પ્રાંતે વિવિધ કલા તેમજ સંસ્કૃતિના દર્શન થાય છે. તેમાંય ગુજરાત આ બાબતે વિશેષતા ધરાવે છે. જ્યારે અમદાવાદને પોતાના સ્થાપત્ય વૈભવ ને કારણે જ હેરિટેજ શહેરનું બિરુદ મળ્યું છે. શહેરમાં વસતા વિવિધ કલાકારો પણ પોતાની આગવી કલા દ્વારા શહેરના સ્થાપત્યથી લઈને વિવિધ વિષયો દ્વારા કલા સર્જન કરે છે અને શહેરની વિવિધતા પોતાની કલા દ્વારા દર્શાવી જીવનને ધબકતું રાખે છે.

"સેવન ડોટસ" નામે સાત ચિત્રકારોએ પોતાની વિવિધ કલા લઈ ધ આર્ટ ગેલેરી અમદાવાદની ગુફા ખાતે સુંદર ગ્રુપ શોનું આયોજન કર્યું. જેમાં પોત-પોતાની આગવી કલા દ્વારા પોતાની ઓળખ આપવાનો સફળ પ્રયાસ કર્યો છે. આ પ્રદર્શનમાં ક્રિએટિવ આર્ટ, પક્ષી જગતને વાસ્તવિક કલામાં સુંદરતા પૂર્વક દર્શાવ્યું છે. અમદાવાદના કલાત્મક બાંધકામ તથા હેરિટેજ પર રિયાલિસ્ટિક આર્ટ છે. જાડા એક્રેલિક રંગોના સ્ટોકથી વિવિધ ચહેરાઓના ભાવ કંઈક કહી રહ્યા છે. શહેરના સામાન્ય જીવનને પોતાની કલામાં ખૂબ જ સહજતા પૂર્વક ઉપસાવી જીવંતતા આપી છે. સેમી છદ્મજંક્ષિર્ષ્ઠ માં સુંદર ચિત્રો રજૂ કરી પોતાના આંતરિક ભાવને અલગ ક્રિએશન દ્વારા આબેહૂપ દર્શાવ્યા છે. ખુલ્લા ફાસ્ટ રંગોમાં દરેક ચિત્રકારોએ પોતાની આગવી કલા દ્વારા પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાનો સુંદર પ્રયાસ કર્યો છે.

કરણ પટેલે પોતાની ફીલિંગ્સ કલાસર્જન દ્વારા દર્શાવવાનો સુંદર પ્રયાસ કર્યો છે. પ્રકૃતિ પ્રેમી હોવાને કારણે પ્રકૃતિ સાથે જોડાયેલ પ્રત્યેક જીવના જીવનને માણે છે. તેમજ તેની સુંદરતાને પ્રેમ કરે છે. હાલના સમયમાં ખુલ્લા આકાશમાં વિહાર કરતાં પક્ષીઓના જીવનને ઘણી બધી રીતે નુકસાન થઈ રહ્યું છે. તેમનું જીવન સાચે જ જોખમાઈ રહ્યું છે. ત્યારે કરણે તેના ચિત્રો દ્વારા પક્ષીઓને સાચવવાનું મહત્વ દર્શાવ્યું છે. એટલે કે આપણા જીવનની સુરક્ષા માટે પણ પ્રકૃતિને જીવંત રાખવી ખૂબ જરૂરી છે.

નિધિ પટેલ બાળપણથી જ કલા સાથે સંકળાયેલી છે. તે પોતાના અંગત જીવન પર આધારિત પ્રસંગો માંથી ઉદભવતી લાગણીઓને રંગો દ્વારા કેનવાસ પર ઉતારે છે. જેમાં તે પોતાના વિચારો પણ વ્યક્ત કરે છે. પ્રસંગો દ્વારા ઉપસી આવતા ચહેરા પરના ભાવનો નિધિ અભ્યાસ કરે છે અને તે હાવભાવને ખૂબ જ કુશળતાપૂર્વક પોતાની કલામાં ઉપસાવે છે. એબસ્ટ્રેક્ટ આર્ટ દ્વારા ચહેરાના જુદા જુદા ભાવ ને ઓઈલ કલર, પોસ્ટર કલર તથા એક્રિલિક રંગો થી કામ કરે છે.

અંકિત રાજે પોતાના સામાન્ય જીવનના અનુભવો તથા ફીલિંગ્સને ધ્યાનમાં રાખી સામાન્ય જીવનના સંઘર્ષ તેમ જ તેની સહજતા અને સરળતા ને પોતાની કલા દ્વારા દર્શાવ્યા છે. જેમાં શહેરના રીચ વિસ્તારમાં દોરડા પર ચાલી જુદા જુદા કરતબ બતાવી પોતાનું ગુજરાન ચલાવતી છોકરીને દર્શાવી છે. પ્લાસ્ટિક વીણીને તથા ફુગ્ગા અને ફરકડી વેચીને ઘર ચલાવતા બાળકો જેવા જીવંત પ્રસંગો પોતાની કલા દ્વારા દર્શાવ્યા છે.

કોમલ ઠાકોર ઉત્સાહી ચિત્ર સર્જક છે અને પ્રકૃતિ સાથે જોડાયેલી છે. પ્રાકૃતિક સુંદર દ્રશ્યો જોવા ગમે છે તથા કુદરતી વાતાવરણને માણવા પ્રવાસ કરવાનો શોખ છે. કોમલ પ્રખ્યાત ચિત્રકાર વિન્સેન્ટ વાનઘોઘ થી પ્રભાવિત છે અને તેમની ચિત્ર શૈલીમાં કામ કરે છે. પ્રકૃતિને સુંદરતા આપતા વૃક્ષો દોરવા ખૂબ ગમે છે. સાથે સાથે પોટ્રેટ તેનો ખાસ વિષય રહ્યો છે.

ધવલ પ્રજાપતિએ અમદાવાદ શહેરને જ પોતાની કલાનો વિષય બનાવ્યો છે. ધવલ અમદાવાદ વસ્યાની ઐતિહાસિક વાતથી તેમજ દરેક કોમના વ્યકિતઓ અમદાવાદમાં વસેલા છે તથા ભાઈચારાથી પ્રેમથી સૌ રહે છે તે વાતને તેને ગમે છે. જેનાથી પ્રેરાઈને ધવલ એ શહેરનો અભ્યાસ કર્યો જેમાં સ્થાપત્ય કલા, કલાત્મક ઈમારતો, મંદિરો, જોવાલાયક પ્રસિદ્ધ સ્થળો થી પણ તે પ્રભાવિત થયો અને આ જ વિષય પર કલા સર્જન શરૂ કર્યું. તેણે સમાજ વચ્ચેથી દુર્લભ બનેલી ચકલી, હઠીસિંગના દેરા, લાલ દરવાજા નું વીજળી ઘર, આશ્રમ રોડની આર્કિટેકચર ઈમારત, ચબૂતરા નું કોતરકામ, લાકડીયો બ્રિજ, ઝૂલતા મિનારા, વાવ, શહેરના કલાત્મક દરવાજા, ગાંધી આશ્રમ જેવા સુંદર સ્થાપત્યોને પોતાની આગવી કલા દ્વારા કલાત્મક રીતે રજૂ કર્યા હતા.

સન્ની કુંભારાણાએ પોતાના અંગત જીવનના અનુભવો લાગણીઓને વ્યક્ત કરવા ટેડી બિયર ને પોતાના સબ્જેક્ટનું પાત્ર બનાવી પોતાની આંતરિક લાગણીઓ તથા ભાવને વાસ્તવિક કલા દ્વારા વ્યક્ત કર્યો છે. જેમાં વિવિધ ઓબ્જેક્ટ તથા રંગોની વિવિધતા પણ દર્શાવી છે. જેમાં માનવ જીવનના અભ્યાસને પોતાની લાગણીઓ દ્વારા દર્શાવ્યો છે.

અમી શાહ ને બાળપણથી જ ચિત્રકલામાં રુચિ રહી છે. તેના ઓબ્ઝર્વેશનમાં જે પણ આવે તેના જુદા જુદા ફોર્મ તેની કલ્પનાઓમાં આકાર લેવા લાગે છે. જેમાં પોતાની કલ્પનાઓ પ્રત્યક્ષ જોયેલા આકારો તથા બાળપણના બનાવેલા ચિત્રો છલકાવા લાગ્યા. આ બાબત ધ્યાનમાં આવતા ઉપસી આવતા આકારો પર કામ કરવાનું નક્કી કરી અમી એ તે જ વિષય પર એક સિરીઝ તૈયાર કરી. અમીના આ ક્રિએટિવ આર્ટ પર આધારિત બ્લેક સોલ કલાકૃતિઓ આર્ટ પેપર ઉપર ચારકોલ તથા ગ્રેફાઈટ દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેમાં માનવજીવનને ખૂબ જ સુંદરતા પૂર્વક રજૂ કર્યું છે.અમદાવાદની ગુફામાં યોજાયેલ આ પ્રદર્શનમાં દર્શાવેલ વિવિધ પ્રકારની આગવી કલાથી દર્શકો પ્રભાવિત રહ્યા હતા.

# ખારીઘારીયાલ ખાતે નીલકંઠ મહાદેવ નો યજ્ઞ યોજાયો



પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ખાતે આવેલ અતિ પ્રાચીન નીલકંઠ મહાદેવનું મંદિર ૬૦ ફુટ ટેકરા ઉપર અને મંદિરની હાઈટ ૩૨ ફૂટની ઊંચાઈ આવેલ છે. જે શ્રાવણ વદ- ૩ ને શનિવાર ના રોજ ગ્રામજનો દ્વારા યજ્ઞનું દર સાલ ની પરંપરા મુજબ ચાલુ સાલે પણ આયોજન કરવામાં આવ્યું હતું. મહાદેવજીને નવીન ધજા રોહણ કરવામાં આવ્યું હતું. આ યજ્ઞના આચાર્ય પદે જીતુભાઈ પાધ્યા બાલીસણા વાળા હતા. તેમજ યજમાન પદે ગૌસ્વામી બાબુભારથી લક્ષ્મણ ભારથી રહ્યા હતા. યજ્ઞની શરૂઆત વૈદિક શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર થકી કરવામાં આવી હતી ત્યારે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જવા પામ્યું હતું. મોટી સંખ્યામાં ગ્રામજનો મહાદેવજી ના દર્શન કરવા ઉમટી પડ્યા હતા. મહાદેવજીના મંદિરે શીશ નમાવવા આવેલ શિવ ભક્તોએ મહાદેવજીની પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. મહાદેવજી ની ગ્રામજનો એ લાડુનો પ્રસાદ ધરાવી ઉજાણી કરી હતી.

# અમેરિકાની અદાલતે લોસ એન્જલસ કાઉન્ટી શેરિફ અને ફાયર વિભાગ જેવી કીડીને ૨૫૦૦૦૦૦૦૦ ( બસો પચાસ કરોડ રૂપિયા) નો ડામ દઇ દીધો!!!

આપણી રાષ્ટ્રીય રમત હોકી છે. ઓલિમ્પિકમાં હોકીમાં આપણું એકચક્રી શાસન હતું. એલિમ્પિકમાં માત્ર ને માત્ર હોકીમાં આપણે ગોલ્ડ મેડલથી નીચો મેડલ ખપ્યો નથી. ભારતીય સેનાં સેવારત મેજર ધ્યાનચંદ હોકીની અપ્રતિમ કુશળતા, રમત પ્રત્યેની ગહન સમજને લીધે હોકીના જાદુગર કહેવાતા. તેમના જન્મ દિવસને નેશનલ સ્પોર્ટસ ડે તરીકે ઉજવવામાં આવે છે. એડોલ્ફ હિટલર જર્મની વતી હોકી રમવા માટે લલચામણી ઓફર કરેલી. જેને મેજરે સવિનય ઠુકરાવેલી.આના દસમા ભાગની ઓફર રાજુ રદીને કરવામાં આવી હોત તો આલ્સેશિયન ડોગની માફક એડોલ્ફ હિટલરના પગ , સોરી ચરણકમળમાં લોટપોટ થયો હોત!!

આપણી રાષ્ટ્રીય રમત હોકી હોવા છતાં ખેલાડી શેરીના છોકરા આખું વરસ બેટબોલ ટીચટીચ કરે તેમ ટેસ્ટ , વન ડે અને ટવેન્ટી ટવેન્ટી( આ નામના બિસ્કિટ પણ આવે છે, હોં) ટીચટીચ કરે છે. અલબત, ક્રિકેટ જેન્ટલમેન ગેમ રહી નથી, ભયંકર વેપારીકરણ થયું છે. આઈપીએલ અને આવી લીગ ખેલાડી માટે કામધેનું બની છે!!કેટલાક લાલચુઓ નેશનલ ટીમમાં રમવાના બદલે લીગ મોજોમાં રમવાનું પસંદ કરે છે. કેમ કે, સબ સે બડા રૂપિયા!!ડોનબ્રેડમેન સચિન તેંડુલકર ક્રિકેટના ભગવાન કહેવાય છે.

આપણે ત્યાં ફૂટબોલ કે બાસ્કેટબોલની રમત ક્રિકેટ જેટલી લોકપ્રિય નથી. પેલે ફૂટબોલના જાદુગર કહેવાય છે!!અમેરિકામાં બાસ્કેટબોલ, ફૂટબોલ અને બેઝબોલ જેવી રમત લોકપ્રિયતાના શિખરે છે . અમેરિકામાં કોબી બ્રાયન્ટ બાસ્કેટબોલનો જાદુગર કહેવાય છે!!

કોબી બ્રાયન્ટ હાઈસ્કૂલમાં હતો ત્યારે તે બાસ્કેટ બોલની સાથે સાથે મ્યુઝિક માટે પણ ઝનુની હતો. તેણે પોતાનું મ્યુઝિક બેન્ડ ચીઝા પણ બનાવ્યું. મ્યુઝિક આલ્બમ પણ બહાર પાડ્યું. પોતાના બેન્ડ પર તે રેપરની ભૂમિકા નિભાવતો હતો. બાસ્કેટબોલની પ્રેક્ટિસ પર જતા પહેલા તે રોજ રેપ શિખવા જતો હતો. હિપ-હોપ શિખતો. પરંતુ નસીબમાં તો એનબીએના સુપર સ્ટાર બનવાનું લખ્યું હતું. તેણે કેરિયરના શરૂઆતના તબક્કામાં જ એડિદાસ સાથે છ વર્ષ માટે ૩૧૯ કરોડ રૂપિયાનો કરાર કર્યો હતો. આ ઉપરાંત તેણે કોકા-કોલા, મેકડોનાલ્ડ, નાઈકી, તુર્કી એરલાઈન્સનું એન્ડોર્સમેન્ટ પણ કર્યું. કોબે પર સાત વિડિયો ગેમ્સ પણ બની ચૂકી છે. તે અનેક મ્યુઝિક વિડિયોમાં પણ દેખાયો છે. તેણે સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીમાં કોબે આઈએનસી નામથી પોતાની બ્રાન્ડ પણ માર્કેટમાં ઊતારી હતી.

બાસ્કેટબૉલની રમતમાં કોબી બ્રાયન્ટની ગણના એક મહાન ખેલાડી તરીકે થાય છે. કોબી બ્રાયંટે પોતાના ૨૦ વર્ષના ખેલજગતમાં અનેક રેકોર્ડ પોતાના નામે કર્યા છે. કોબી બ્રાયંટ નેશનલ બાસ્કેટબોલ એસોસિયેશનની સાથે રમી ચૂક્યા છે અને સાથે જ ૫ ચેમ્પિયનશીપ પણ પોતાના નામે કરી હતી. ૧૮ વખત તેઓએ ઓવલ સ્ટાર નામિત કર્યું હતું. ૨૦૧૬માં પણ દ્રમ્છના ત્રીજા સૌથી મોટા ઓલ ટાઈમ સ્કોરરના રૂપમાં તેઓ રિટાયર થયા હતા. કોબી બ્રાયંટે ૨૦૮ અને ૨૦૧૨ ઓલમ્પિકમાં યૂએસએ ટીમને માટે ૨ સ્વર્ણ પદક પણ જીત્યા હતા. તેની જર્સીનો નંબર ૮ અને ૨૪ હતો. જેને બ્રાયંટના મોત બાદ રીટાયર કરવામાં આવેલી.કોબી બ્રાયન્ટે ૨૦ વર્ષ લૉસ ઍન્જેલસ લેકર માટે રમ્યા અને એપ્રિલ ૨૦૧૬માં નિવૃત્ત થયા.

૨૦૦૮માં તેઓ નેશનલ બાસ્કેટબૉલના સૌથી મોંઘા ખેલાડી હતા અને બે વાર નેશનલ બાસ્કેટબૉલમાં ફાઈનલમાં સૌથી મહત્ત્વપૂર્ણ ખેલાડી રહી ચૂક્યા છે. કોબી બ્રાયન્ટે ૨૦૦૬માં એક મૅચમાં ૮૧ અંકનો મુકામ હાંસિલ કર્યો હતો જે એમની કરિયરમાં સર્વોચ્ચ છે. કોબીએ ૩૪ વર્ષ ૧૦૪ દિવસની વયે કેરિયરની ૩૦ હજારમો પોઈન્ટ બનાવ્યો. લીગના ઈતિહાસમાં આ રેકોર્ડ બનાવનારો કોબીએ સૌથી યુવા ખેલાડી બન્યો નિવૃતિ બાદ તેમણે રિટાયર થયા બાદ મીડિયામાં પ્રવેશ કર્યો હતો. વર્ષ ૨૦૧૮માં તેઓએ ડિયર બાસ્કેટબોલ નામની સી શોર્ટ ફિલ્મને માટે ઓસ્કાર પુરસ્કાર પણ મેળવ્યો હતો. જ્યારે તેઓએ રિટાયરમેન્ટનો રસ્તો પસંદ કર્યો ત્યારે તેઓએ એક કવિતા લખી હતી. જેના વિશે લખી હતી.તેની પાસે ૧૮૬૧ કરોડ રૂપિયાની સંપતિ હતી સેલેરીના મામલે ૧૦મા નંબરનો ખેલાડી હતો.

અમેરિકન બાસ્કેટબોલ સ્ટાર ૪૧ વર્ષીય કોબે બ્રાયન્ટનું ૨૦૨૦માં એક હેલિકોપ્ટર ક્રેશમાં તેની પુત્રી ગિઆનાનું સહિત મોત થયું હતું. બ્રાયંટે પોતાના પ્રશંસકને એક વચન આપ્યું હતું જે હવે ક્યારેય પૂરું નહીં થાય. બ્રાયંટે ૨૫ જાન્યુઆરીએ કેલિફોર્નિયામાં માંબા સ્પોર્ટ્સ એકેડેમીમાં ૧૩ વર્ષીય બ્રેડી સ્મિગેલને આ વચન આપ્યું હતું. બ્રાયંટે કહ્યું હતું કે, તેઓ આવતીકાલે તેની સાથે એક સારી સેલ્ફી લેશે પરંતુ એ દિવસ ક્યારેય આવ્યો જ નહીં.બ્રાંયટના નિધનની તસ્વીરો વગર પરવાનગીએ પ્રસિધ્ધ કરી આ બેલ મુજે માર જેવી પરિસ્થિતિનું નિર્માણ કરેલું.

એક વાર સેલેબ્રિટી થયા પછી વ્યકિતની ખાનગી કે જાહેર જીંદગીની લગામ તેના હાથમાં રહેતી નથી! પાપારાઝી ફોટોગ્રાફર, વિડિયોગ્રાફર સમડીની જેમ તેની આજુબાજુ ઘુમતા રહે છે. પાપારાઝીથી બચવાની બબાલમાં પ્રિન્સેસ લેડી ડાયેનાનું આકસ્મિક નિધન થયેલું . સેલિબ્રીઓ લગ્ન, સમારંભ વગેરેના રાઈટસ આપીને રોકડી કરતા હોય છે. પાપારાઝીઓ યેનકેન પ્રકારેણ ફોટો, વિડીયો મેળવીને સનસનાટી સર્જતા હોય છે!!

૨૦૨૦માં કોબે બ્રાયન્ટ, તેની ૧૩ વર્ષની દીકરી ઉપરાંત સાત પેસેન્જર્સના હેલિકોપ્ટર ક્રેશમાં મોત થયા હતા. એ અકસ્માતની તસવીરો સરકારી એજન્સીઓએ જાહેર કરી દીધી હતી. એ દુર્ઘટના બાદ કોબે બ્રાયન્ટની પત્ની વેનેસાએ સરકારી એજન્સીઓ સામે દાવો માંડયો હતો. વેનેસાની દલીલ હતી કે તેની પરવાનગી વગર પ્રાઈવસીની પરવા કર્યા વગર સરકારી એજન્સીઓએ અને વિભાગોએ અકસ્માતના ફોટોઝ જાહેર કરી દીધા હતા, જે અયોગ્ય હતું. લોસ એન્જલસ કાઉન્ટી શેરિફ અને ફાયર વિભાગના અધિકારીઓએ અકસ્માતનો ફોટોઝ શેર કર્યા હતા.

વેનેસાની દલીલને કોર્ટે માન્ય રાખી હતી. સોશિયલ મીડિયાના કારણે વારંવાર કોબે અને તેની દીકરીના અકસ્માતની તસવીરો વેનેસા સામે આવી જતી હતી અને તેના કારણે મહિનાઓ સુધી તેણે એ દુખ વેઠવું પડયું હતું. સરકારી એજન્સીઓએ પ્રાઈવસીનો મુદ્દો ધ્યાનમાં લીધો ન હોવાનું કોર્ટે સ્વીકાર્યું હતું અને કોબેની પત્નીને ૨૫૦ કરોડ રૂપિયો વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. એમાંથી ૧૩૦ કરોડ રૂપિયાનો પ્રથમ હપ્તો કોબેની પત્નીને આપી દેવામાં આવ્યો હતો. એ સિવાયની રકમ હવે પછીથી અપાશે.

આ ઘટનાને રાજુ રદી પ્રસિદ્ધ હાસ્યકાર શાહબુદીન રાઠોડના પાત્ર લાભુ મેરાઈના સીવવાના સંચામાં તેલ ઉંઝવાના પ્રસંગને સાંકળી કહે છે કે કીડી કોશનો ડામ ખમે? અમેરિકાની કોરટું આપી દે. સરકારી એજન્સીને છૂંછા જેવી ભૂલ માટે ૨૫૦૦૦૦૦૦૦૦ રૂપિયાનો ઘુંબો લાગી ગયો!! દૂરદર્શન, પ્રસારભારતી, આકાશવાણી માટે ખતરાની ઘંટી છે. ટેઈક કેર ઓર બેર!! ભરત વૈષ્ણવ

# પંચમહાલ જિલ્લા રક્તપિત ગોધરા ખાતેની કચેરીમાં વર્ષની ફરજ બજાવતા શ્રમયોગીને સરકારશ્રીના નિયત કરેલ પગાર ધોરણ સહિત કાયમી નિમણૂક આપવાનો નામદાર ગુજરાત હાઇકોર્ટનો આખરી આદેશ પરિવારમાં આનંદ

ગુજરાત સરકારના આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આરોગ્ય વિભાગ) ગાંધીનગર ના તાબા હેઠળ પંચમહાલ જિલ્લા ગોધરા ખાતે આવેલ જિલ્લા રક્તપિત અધિકારી વર્ગ (૧) જિલ્લા સેવા સદન મુકામે આવેલ કચેરીમાં તારીખ ૧૬/૭/૯૦ થી ચોકીદાર પટાવાળા કમ સફાઈ કામદાર તરીકે દૈનિક રૂપિયા ૧૦ના પગાર થી માસિક રૂપિયા ૨૨૫ ચુકવવામાં આવતા હતા એ બાબતે શ્રમયોગી એ તેમના અધિકારી સમક્ષ લઘુતમ વેતન ધારા મુજબ પગાર ચૂકવવાની માંગણી કરેલ પરંતુ એવી માંગણી કરવા બાબત જે તે સમયના અધિકારીઓએ માંગણી કરવા બાબતે કિન્નાખોરી રાખી અયોગ્ય મજૂર પ્રથા નું આચરણ કરી વર્ષોથી ફરજ બજાવતા સરદારસિંહ બી પટેલની તેમની લાંબા સમયની નોકરી માંથી તારીખ ૧૧/૩/૯૬ ના રોજ થી ગેરકાયદેસર રીતે છુટા કરી દેતા શ્રમયોગી ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખ એ.એસ ભોઈ દ્વારા તેઓને થયેલ અન્યાય બાબતે મજુરઅદાલત ગોધરા સમક્ષ પડેલા દિવસોના પગાર સાથે મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો કેશ દાખલ કરેલ જેનો કેસ નંબર ૨૨૦/૦૨ પડેલ એ કેસ ચાલી જતા કોર્ટ દ્વારામાં શ્રમયોગીને પડેલા દિવસોના ૩૦ ટકા પગાર સહી નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા તારીખ ૧૨/૨/૦૯ ના રોજ આદેશ કરવામાં આવેલ જે આદેશની નારાજ થઈ સરકારશ્રી દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ સી એ નંબર ૧૭૪૯૧/૦૯ દાખલ કરવામાં આવે જે કેસ ચાલી જતા ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ ૨૭/૪/૧૦ ના રોજ મજુર અદાલત ગોધરા દ્વારા થયેલ હુકમ યથાર્થ રાખવામાં આવે જે આદેશ મુજબ સરકારશ્રી દ્વારા અરજદારને તારીખ ૧૦/૨/૧૪ થી ફરજ ઉપર હાજર કરે અને નિમણૂક પત્રમા ખોટી અને ગેરકાયદેસર શરતો જાહેર કરે અને અરજદારનું પગાર ધોરણ દૈનિક રૂપિયા ૧૦ પ્રમાણે ચૂકવવાનું જાહેર કરે આમ ફરી વાર પણ શ્રમયોગી નું ભારે શોષણ કરવાનું શરૂ કરવામાં આવેલ સરકાર દ્વારા આપવામાં આવેલ હુકમથી નારાજ થઈ સરકારનો હુકમ પડકારવા શ્રમયોગી ફરી ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈ દ્વારા સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબ તે આધારિત લાભો મેળવવા માટે એસીએ નંબર૧૧૫૩/૨૨ દાખલ કરેલ જે કે ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ ૩/૧૦/૨૨ના ના રોજ હુકમ

હુકમ કરી એસ સી એનો હુકમ યથાવત રાખેલ ત્યારબાદ પણ સરકારશ્રીના અધિકારીઓએ તે હુકમ નો અમલ કરવામાં નિષ્ફળ જતાં શ્રમયોગી એ વડી અદાલતના હુકમના અનાદર બદલ કન્ટેમ ઓફ કોર્ટની કાર્યવાહી હાથ ધરેલ જે કાનૂની કાર્યવાહીના અરસા દરમિયાન સરકારશ્રી દ્વારા કોર્ટ સમક્ષ મૌખિક નિવેદન આપતા એક અઠવાડિયામાં હુકમનું પાલન કરવાની ખાતરી આપેલ એ મુજબ સરકાર શ્રી દ્વારા તારીખ ૨૮/૮/૨૩ ના રોજ શ્રમયોગી એસ બી પટેલને તેમની નોકરીમાં કાયમી કરવા તેમજ સરકાર શ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબના તમામ પગાર તા

લાભો આપવા નો આદેશ જારી કરી તાત્કાલિક અસરથી શ્રમયોગીની ગોધરા કચેરીથી રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર જાંબુઘોડા મુકામે બદલીનો હુકમ આપી નિમણૂક કરી છે અને ૧૭/૧૦/૮૮ના પરિપત્ર મુજબ મળવાપાત્ર તમામ પગાર લાભો તેમજ અન્ય ભથ્થાઓ પણ ચૂકવી આપવાનો આદેશ કરતા ખૂબ જ લાંબા સમય બાદ આર્થિક શોષણ મુક્ત થતાં શ્રમયોગી અને તેમના પરિવારમાં આનંદ ની લાગણી છવાયો છે તેમજ રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર વર્ગ ચારના શ્રમયોગીઓમાં આનંદનુ મોજુ છવાયુ છે

ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનપ્રમુખ એ.એસ ભોઈ કલોલ પંચ

# ખૂટે છે!!!

એક સાંધતાં તેર તૂટે છે,
કિસ્મતમાં કંઈક ખૂટે છે!!

દુર્જનની જ બોલબોલા છે,
સજ્જનોને તો બધા કૂટે છે.

કફનમાં ખિસ્સાઓ નથી,
છતાં,મરેલાને કેમ લૂંટે છે.?

એક પછી સમસ્યા ઉદભવી,
બિલાડીના ટોપ જેમ ફૂટે છે!!

એની રાહમાં રાતપાળી કરી,
મળવાની આશ કયાં છૂટે છે??

મંદિરમાં તમે હડીયાપટી કરી,
તેમ છતાં હરિકૃપા કેમ ખૂટે છે??

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

NOG(187)2023



NOG SS NO. 0059
વિષય: છઠ- સાતમ-આઠમ
પ્રકાર: ગદ્ય- વાર્તા
શીર્ષક: ગીતા ભવન
શબ્દો: ૨૧૧.
લેખક: જયકાન્ત ઘેલાણી, પ્યારે'.

મધ્યમવર્ગીય અર્જુનભાઈ અને તેની પત્ની ગીતા પંથકમાં તેના મળતાવડા અને પરોપકારી સ્વભાવથી જાણીતા અને સૌના માનીતા હતા.
હાં સારા- માઠા પ્રસંગે ગામમા તેની હાજરી અચુક હોયજ.

નિસંતાન યુગલ પણ, ઈશ્ર્વર કૃપાને સર્વોપરી સમજતા.

ગયાં વર્ષે શ્રાવણ મહિનામાં,
મિત્રો ને ત્યાં બાવન પાનાની ગીતા વાંચન માં તેમને આમંત્રણ મળ્યુ,
હૌશ સાથે વધાવ્યુ,છઠ સાતમ અને આઠમના ત્રણ દિવશના સતત ચાલતાં વાંચનમાં આ દિલેરી જોડીના નસીબે યારી આપી અને સારી એવી રકમ જમા થઈ, બનેનો હરખ માતો નથી અને પોતાના ઘર નુ સ્વપ્ન
સાકાર કરવા ઈશ્ર્વરે મદદ કરીછે તેમ સમજી બનેએ સમજી વિચારી પોતાનાં બજેટને અનુકુળ
ઘર લીધુ, અને કૃષ્ણ જન્મ દિવશે તેનું શૂભ મૂહૂર્ત લઈ બંગલાનુ નામ ગીતા ભવન રાખ્યું
આજે એક વર્ષ પછી પોતાના બધા મિત્રો ને બોલાવી, ફંકશનમાં ગીતાભવન નુ રહસ્ય ખોલ્યું,
સૌના શૂભઆશિષ અને શૂભેરછાઓ આજે પ્યારે',તેમની પરોપકારવૃતિને વધુ ચમકાવતા હતા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

Nog ss no :- 0038
વિષય :- છઠ, સાતમ,આઠમની ઉજવણી
વિભાગ :- પદ્ય
શીર્ષક :- તહેવાર
તહેવાર દિલથી મજાના ઉજવાતા,
ઉમંગ હોય સરસ મજાનો.
બાંડચોથે ગાય પૂજાતી,
નાગપંચમી નાગદાદા પૂજાતા.
રાધનછઠે પુરી ઢેબરાં બનતા,
સાતમ આવે રહે રસોડે રજા.
શીતળા માઁ ને પૂજવા જાતા,
આઠમ કાનુડાનો જન્મ દિવસ.
મેળામાં બધા જઈ હરખાતા,
નવાનવા કપડાં પહેરતા.
કેટલી બધી મજા કરતા
યાદ આવે બા ના પુરી વડા.
હવે થઈ ગયા માનવના મન ખાટા ,
તહેવાર હવે લાગે ફિક્કા...
?? શીલા પટેલ "આકાંક્ષા"

.★★★★★★★★★★★★★★★★

N OG SS N0 : 089
વિષય છઠ, સાતમ, આઠમ
પ્રકાર :ગદ્ય
શીર્ષક : ત્રિકોણ
પ્રવિણા કડકિઆ
—-
શ્રાવણ વદ છઠ બારણા ખખડાવતી આવી પહોંચી. સ્ત્રીઓ માટે ‘‘રસોડા વાર’’. કૃષ્ણ તારા આગમનની તડામાર તૈયારી કરવાની. તને ખબર છે અમારો દમ નિકળી જાય.

બાળકને જન્મ આપીએ ત્યારે નવ મહિના પછી કાયમનો છૂટકારો. તારે કાજે દર વર્ષે કેટલું રાંધવાનું? કેટલી બધી તૈયારી કરવાની! રખે માનતો હું ફરિયાદ કરું છું . આ તો તને યાદ અપાવું છું.

એમાં ઉમંગ અને ઉત્સાહ છલોછલ જણાશે. પ્રેમ તારા માનમાં બનાવેલી સામગ્રીમાં ઠાંસી ઠાંસીને ભર્યો છે. આટલી મહેનત કરવા છતાં થાક નજદીક ફરકતો નથી. તારા તરફનો અપાર સ્નેહ શું થકવે ખરો?

શીતળા સાતમને દિવસે પરિવાર સાથે તારો પ્રસાદ આરોગતા સહુના મુખ પર આનંદ જણાય. સાતમની મિજબાની માણતી વખતે તું ચારેતરફ જણાય.

ચૂલો, રસોડું, પાણિયારું ચોખ્ખા હોય . શીતળા માતા પ્રેમે પધારે અને પ્રસન્ન થાય. નામ તારું અને કામ અમારું. ‘‘ પેટોબા’’ પુલકિત થાય. બપોરે આરામ કરીએ , તાજગી અનુભવીએ અને બીજે દિવસે તારા આગમન માટે થનગનીએ.

આઠમને દિવસે સવારથી તારા આગમનની સુગંધ વાતાવરણમાં પ્રસરી હોય. લાલા તારા આવવાના એંધાણ જણાય. સાનભાન ભૂલી બેસું. ઘરના બધાને ગમતી ફરાળ બનાવવાની હોય . એ તો સારું છે કે સાતમને દિવસે પૂરતો આરામ મળ્યો હોય.

એક ખાનગી વાત કહું, રિસાતો નહીં આઠમને દિવસે જુગાર રમવાનો કુરિવાજ પગપસેરો કરી ગયો છે. કાન પકડી મારી ભૂલ કબૂલ કરું છું . હું પણ રમતી હતી. અબુધ હતી લાલા!

હવે તારા નામનું સુમિરન કરું છું. તારી કૃપાનો આદર કરું છું . તેનો અનુભવ મને સાલસ બનાવે છે. તારા આગમનની તૈયારીમાં સાવ ભાન ભૂલું છું.

બસ તારા આગમનની ઘડી ગણાઈ રહી છે. નયનો માર્ગ પર પાથર્યા છે. લાલા તું આવ આંગણું પાવન કર .

# સપ્તાહ દરમિયાન સોના-ચાંદી, ક્રૂડ તેલ, નેચરલ ગેસ, કોટન-ખાંડી, મેન્થા તેલના વાયદામાં સાર્વત્રિક તેજી

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૫થી ૩૧ ઓગસ્ટ સુધીના સપ્તાહ દરમિયાન ૫૨,૪૩,૬૧૩ સોદાઓમાં કુલ રૂ.૪,૪૨,૧૨૬.૪૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮૯,૪૧૯.૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૫૨૫૬૧.૬૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭,૧૬,૮૦૫ સોદાઓમાં રૂ.૫૧,૭૮૫.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૭૪૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૯,૫૬૩ અને નીચામાં રૂ.૫૮,૪૯૨ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૬૩ વધી રૂ.૫૯,૩૭૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૫૫ વધી રૂ.૪૭,૬૦૦ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૨૦ વધી રૂ.૫,૯૪૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૭૭ વધી રૂ.૫૯,૧૧૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૩,૩૧૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૫,૪૦૦ અને નીચામાં રૂ.૭૨,૯૭૪ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫૭૫ વધી રૂ.૭૪,૧૪૩ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫૮૨ વધી રૂ.૭૩,૮૪૦ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫૭૨ વધી રૂ.૭૩,૮૪૦ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭૧,૫૨૧ સોદાઓમાં રૂ.૭,૯૮૪.૭૮ કરોડના વેપાર થયા હતા. તાંબુ ઓગસ્ટ વાયદો રૂ.૭૩૩.૬૫ના ભાવે ખૂલી, રૂ.૧.૨૦ વધી રૂ.૭૩૪.૯૫ જ્યારે એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪.૬૫ વધી રૂ.૨૦૨.૧૫ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૧૮૪ના ભાવ થયા હતા. જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૬.૫૫ વધી રૂ.૨૧૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૮૫ વધી રૂ.૨૦૨.૧૫ સીસુ-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૫ ઘટી રૂ.૧૮૨.૯૦ જસત-મિની ઓગસ્ટ વાયદો રૂ.૬.૮૦ વધી રૂ.૨૧૯.૩૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૭,૨૩,૫૪૨ સોદાઓમાં રૂ.૨૯,૪૪૭.૬૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૫૫૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૮૮૨ અને નીચામાં રૂ.૬,૪૬૮ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૫૧ વધી રૂ.૬,૮૭૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૩૪૩ વધી રૂ.૬,૮૬૪ બંધ થયો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૯ના ભાવે ખૂલી, રૂ.૧૧.૨૦ વધી રૂ.૨૩૧.૬૦ અને નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો ૧૧.૧ વધી ૨૩૧.૯ બંધ થયો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૦૨.૦૫ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૬૩૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧,૬૩૦ અને નીચામાં રૂ.૧,૪૭૩ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૬ ઘટી રૂ.૧,૫૫૨ થયો હતો. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૦૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૦,૩૬૦ અને નીચામાં રૂ.૫૮,૭૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૩૮૦ વધી રૂ.૬૦,૪૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૨૧.૭૦ વધી રૂ.૧,૧૬૭.૪૦ બોલાયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૬,૮૮૦.૪૦ કરોડનાં ૨૮,૫૯૦.૦૨૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૪,૯૦૪.૬૨ કરોડનાં ૪,૬૩૩.૯૮૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૯,૪૯૫.૭૪ કરોડનાં ૧૪,૨૦૭,૭૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૯,૯૫૧.૯૧ કરોડનાં ૮૭૯,૦૨૭,૦૦૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૯૬૯.૨૪ કરોડનાં ૪૮,૫૫૪ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૫૦.૪૮ કરોડનાં ૧૮,૮૬૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૪,૫૨૮.૦૨ કરોડનાં ૬૧,૬૩૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૧૩૭.૦૪ કરોડનાં ૯૮,૬૯૩ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૫૪.૪૧ કરોડનાં ૯,૧૬૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૪૭.૫૮ કરોડનાં ૧૪૩૨.૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૧૫૩.૨૮૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૩૮.૩૫૦ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૩૬૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૧૧૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૪,૧૯૨ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૪,૬૦૧ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૧૩૫,૭૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪૨,૪૩૫,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૪,૯૪૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૬૧૬.૩૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૪૫.૨૫ કરોડનાં ૧૮૨૧ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૪૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૫,૮૬૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૧૧૬ અને નીચામાં ૧૫,૮૨૬ બોલાઈ, ૨૯૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૨૨ પોઈન્ટ વધી ૧૬,૦૨૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩,૫૨,૫૬૧.૬૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫,૯૧૫.૨૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨,૨૯૯.૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૭૯,૨૧૭.૬૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૫,૦૮૯.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

### ૯૪ (ચોરાણું) આવેદનપત્ર આપ્યા છતાં ગુજરાત સરકારને ગ્રંથપાલની ભરતી માટે પેટનું પાણી હલતું નથી

# છેલ્લા ૩૦ વર્ષથી શાળાઓમાં ગ્રંથપાલની ભરતી નથી થઈ અને છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાત રાજ્યની અનુદાનિત કોલેજમાં ગ્રંથપાલ ની ભરતી થઈ નથી.....

રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી ,તમિલનાડુ ,બિહાર ,પંજાબ ,મહારાષ્ટ્ર, કેરેલા, કર્ણાટક, ઉત્તર પ્રદેશ મધ્યપ્રદેશમાં ત્રણ વર્ષમાં ૭૦૦ કોલેજ ગ્રંથપાલ ની જગ્યાઓ યુ.જી.સી ના નિયમ પ્રમાણે ભરતી કરવામાં આવી ગઈ કાલે રાજસ્થાનમાં ક્લાસ ટુ ની પોસ્ટ કોલેજમાં ૨૪૭ જગ્યાઓ આવી નીઁ જગ્યાઓ આવી, ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૩ વર્ષથી અવિરત ગ્રંથાલય કર્મચારી મંડળ ૯૪ આવેદનપત્ર આપ્યા પરંતુ ગુજરાત સરકારનું પેટનું પાણી હલતું નથી , ગુજરાતના ગરીબ વિધાર્થીઓ ગ્રંથાલય સેવા વંચિત રહે છે

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગ ફ્રેમ વર્ક જે સમગ્ર ભારતની યુનિવર્સિટીના શિક્ષણની સ્થિતિનો સર્વે કરતી હોય છે તેમાં એક થી ૫૦ માં ગુજરાતની એક પણ સરકારી યુનિવર્સિટીનો કે કોલેજનો સમાવેશ થયો નથી....

યુજીસીના પ્રથમ ચેરમેન સીડી દેશમુખ અને ભારતના બીજા રાષ્ટ્રપતિ અને પ્રથમ ઉપરાષ્ટ્રપતિ એવા ડો.રાધાકૃષ્ણ સર્વપલ્લીએ કહ્યું છે કોઈપણ શૈક્ષણિક સંસ્થાનું હૃદય ગ્રંથાલય હોય પુસ્તકાલય હોય લાઈબ્રેરી હોય પરંતુ ગુજરાત રાજ્યમાં શાળા,કોલેજ, યુનિવર્સિટીમાં લાઈબ્રેરી હોય છતાં લાઈબ્રેરીના પુસ્તકો ધૂળ ખાતા હોય લાઈબ્રેરીયન છે જ નહી........

ગુજરાત રાજ્યની સ્ટેટ લેવલની યુનિવર્સિટીમાં ૯૫ ટકા લાઈબ્રેરીયન ની જગ્યાઓ ખાલી છે વર્ષો થયા, ૨ ૫૭ અનુદાનિત કોલેજમાં છેલ્લા ૨૫ વર્ષથી ગ્રંથપાલ ની જગ્યાઓ ખાલી છે. સરકારી કોલેજમાં ૫૭ જેટલી ગ્રંથપાલ ની જગ્યાઓ ખાલી છે ગુજરાત રાજ્યમાં ૩૦ વર્ષથી ૫૬૦૦ જેટલી શાળામાં ગ્રંથપાલની જગ્યાઓ ખાલી છે આપણે જાણીએ છીએ ગુજરાત વિકાસ મોડલ સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે ???પરંતુ શિક્ષણમાં છે એક પ્રશ્ન થાય છે!!!! ગ્રંથાલય કર્મચારી મંડળ વારંવાર શિક્ષણ મંત્રી, મુખ્યમંત્રી, શિક્ષણ સચિવ, શિક્ષણ કમિશનરને, વારંવાર મળે છે માત્ર સરકાર અને અધિકારીઓ વાયદા જ કરે છે ભરતી માટે ખૂબ જ ચોક્કસ પગલાં આજ દિવસ સુધી નથી લીધા તેનું એનું દર્દ છે ગ્રંથાલય કર્મચારી મંડળ દરેક સભ્યો નુ છે .

અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના વ્યવસાયિકોની ગ્રંથપાલની ભરતી થાય એના માટે સરકારને આવેદનપત્ર નથી આપતા પરંતુ ગુજરાત રાજ્યના ગરીબ વિદ્યાર્થીઓને ગ્રંથાલય સેવાની સુવિધાઓ મળે બાળકમાં વાંચન ટેવ કેળવાય, કોલેજ લેવલે સંશોધનના કાર્યમાં નિપુણ બની ગુજરાતનો વિદ્યાર્થી જ્ઞાનવાન બને ‌ઍજીઓૅ/જીઝ જેવી સ્પર્ધામાં ગરીબ વિદ્યાર્થી પોતાના સ્વપ્નને સાકાર કરે માટે ગુજરાત રાજ્યનું ગ્રંથાલય કર્મચારી મંડળના પ્રમુખ ડૉ.મહેશ સોલંકી વારંવાર આ રજૂઆત કરે છે. ડો.મહેશ સોલંકી વધુમાં જણાવ્યું કે સરકારનો અમે કદી વિરોધ નથી કરતા. સરકારની સાથે જ છીએ શિક્ષણમાં સુધારો કરવા માટે અમને નેતૃત્વ અમને જવાબદારી આપો. અમે પુરા તનથી અને મનથી શિક્ષણની સાચી દિશા તરફ અમે લઈ જવામાં અને કટિબંધ છીએ

ભરતી માટેની રજૂઆત માત્રને માત્ર વિદ્યાર્થીઓના જ્ઞાન વિકશે,

વિશ્વની કોઈપણ વિભૂતિઓ વાંચન વગર અનન્ય અને વિશ્વસનીય નથી બની ગાંધી સરદાર આંબેડકર અબ્દુલ કલામ જે વાંચન અને શિક્ષણ સાથે જોડાયેલ રહ્યા માટે જ ય વિભૂતિઓ બની

છેલ્લા ૧૩ વર્ષથી અવિરત પ્રયત્ન કરે છે ગુજરાત રાજ્યમાં ૩૫૭ અનુદાનિત કોલેજ માંથી ૨૬૦ જગ્યાઓ ખાલી છે, સરકારી કોલેજમાં ૧૧૫ માંથી ૫૭ જગ્યાઓ ખાલી છે, ગુજરાત રાજ્યની ૫૬૦૦ જેટલી શાળાઓમાં ગ્રંથપાલ ની જગ્યાઓ ખાલી, રાજ્યની ૨૮ સ્ટેટ યુનિવર્સિટી માંથી યુ.જી.સી ના નિયમ પ્રમાણે માત્ર બે જ ગ્રંથપાલ છે અને ૨૬ યુનિવર્સીટી માં હંગામી અને કામ ચલાવ ગ્રંથપાલ તરીકે યુનિવર્સિટી લાયબ્રેરી ચાલી રહી છે, રાજ્યની ૯૫ ટકા મેડિકલ કોલેજમાં ગ્રંથપાલ ની જગ્યા ખાલી છે, રાજ્યની ૧૦૦ ટકા એન્જિનિયરિંગ કોલેજમાં ગ્રંથપાલ ની જગ્યા ખાલી છે, આયુર્વેદ કોલેજમાં ૭૦% જગ્યાઓ ખાલી છે અને જાહેર ગ્રંથાલયમાં ૮૦% ટકા જગ્યાઓ ખાલી છે અને વર્ષોથી લાઈબ્રેરી નિયામકની જગ્યા જાહેર ગ્રંથાલયમાં ખાલી પડેલી છે આ બધી જ જગ્યા ઉપર સત્વરે ભરતી થાય માટે ગ્રંથાલય કર્મચારી મંડળના પ્રમુખ ડૉ.મહેશ સોલંકી

# સદા મહેકતા ચહેકતા ગુલ ગુલઝાર


ગુલઝારનો જન્મ ૧૮ઓગસ્ટ ૧૯૩૬ હાલ પાકના એક ગામમાં થયો હતો ગુલઝારનું મુળ નામ સંપૂર્ણસિંહ કાલરા છે

ગુલઝાર શરૂઆતમા ગુલઝાર એક મોટર ગેરેજમા કામ કરતા હતા એક વખતે બિમલરોય સાથે મુલાકાત થતા બીમાલરોયે પોતાની ફિલ્મ બઁદીની માટે ગીતો લખવાની તક આપી ગુલઝારે ગીત લખ્યું મોરા ગોરા અંગ લઈ લો લખ્યું ગીત સુપરહિટ થતા બીમાલરોયે ગુલઝારને પોતાના આસિસ્ટન્ટ બનાવી દીધા.

ગુલઝારે એકથી એક ચડીયાતા ગીતો આપ્યા છે ગુલઝારની રચનાઓ મધુર અને કર્ણપ્રિય હોય છે સાંભળવી ગમે તેવી હોય છે ગુલઝાર આજે ૮૭ વરસે પણ બૉલીવુડમા સક્રિય છે ગુલઝારની કલમનો જાદુ કમાલનો છે

ગુલઝારે પોતાની કલમ દ્વારા એકથી એક ગીતો ફિલ્મોની કથા પટકથાઓ સંવાદો લખ્યા છે ગુલઝારે એકથી એક ચડીયાતી એવી ૨૦ ફિલ્મોને ડાયરેકસન પણ આપ્યું છે જેમાં પરિચય આંધી ઈજ્જત અંગુર નમકીન માચીસ લેકિન સામેલ છે

ગુલઝાર અને રાખીના લગ્ન ૧૯૭૩ મા થયા હતા.લગ્નના એક વરસ પછી છુટા પણ પડી ગયા હતા આ દરમિયાન



પુત્રી મેઘનાનો જન્મ થઈ ગયો હતો

૧૯૬૮ મા અશોક કુમારની આશીર્વાદ માટે ગીતો સંવાદો લખ્યા ફિલ્મ સુપરહિટ પછી કોશિશ ચાલી ગઈ.પછી ગુલઝારની ગાડી સડસડાટ ચાલવા લાગી હેમંતકુમારની ફિલ્મ માટે ગીત લખ્યું હમને દેખી હે ઉન આંખોકી મહકતી ખુશ્બુ ગીત સિનેરસીકો આજે પણ ગણગણે છે

ગુલઝારે સચિનદેવ બર્મન રાહુલદેવ બર્મન મદનમોહન શંકર જયકિશન સલીલ ચૌધરી રાજેશરોશન લક્ષ્મીકાત પ્યારેલાલ માટે ગીતો લખ્યા છે

ગુલઝારના નજદીકના મિત્રોમાં સંજીવકુમાર કિશોરકુમાર આર.ડી.બર્મન આર રહેમાન વિશાલ ભારદ્વાજ સામેલ છે

ગુલઝાર આર.ડી બર્મનની ત્રિપુટીએ ધમાલ મચાવી. દીધી હતી ગુલઝારે ડાયરેક્ટ કરેલી ઘણી ફિલ્મોમાં આ ત્રિપુટી સાથે જ હતી

ગુલઝારની ફિલ્મો અને ગીતો એવોર્ડ વિનર રહ્યા છે ઓસ્કાર પણ મળ્યો છે

૧૯૮૮ મા નાના પદડે પણ ધૂમ મચાવી હતી નસીરુદ્દીન શાહને મુખ્ય ભૂમિકા આપી મીરજા ગાલિબ ખુબ જ લોકપ્રિય થઈ

ગુલઝારના ગીતોની એક ઝલક જોઈએ

વિનોદ ખન્નાની મેરે અપનેનું કોઈ હોતા જિસકો અપના કહેતે પાસ નહી તો દૂર હોતા

જીતેન્દ્રની પરિચયનું મુસાફિર હું યારો

શેખરકપૂરની માસુમનું તુજસે નારાજ નહી હેરાન હું.

આંધીનું એક અકેલા ઈસ શહેરમાં

સદમાનું એ જીંદગી ગલે લગા કે

૨૦૧૯ સુધીમાં પાંચ ફિલ્મફેર એવોર્ડ

૬ નેશનલ એવોર્ડ

૨૦૦૪ મા ભારત સરકાર દ્વારા પદમભૂષણ એવોર્ડ

૨૦૧૩ મા દાદા સાહેબ ફાલકે એવોર્ડ મળ્યા છે

જીવનભર સફેદ કપડાં જ પહેર્યા છે

૮૬ વરસે પણ સક્રિય ગુલઝારની રચનાઓ માણવા સમજવા જેવી હોય છે

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

# પોતાના ભક્ત સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરનાર લંપટ લીલાના અભિનેતા એવા નૌતમ સાધુને મારો સીધો પડકાર : મરદનો તારા સંપ્રદાયનો સાચો સાધુ હોય તો સીધો સામે આવી મારો પડકાર ઝીલી બતાવે.....પ્રદીપ રાવલ



## પૃથ્વી ઉપરના સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ વિદેશ ના મંદિરોના તમામ આચાર્ય,સાધુ સંતો,ટ્રસ્ટીઓ ઠેકેદારો,સહયોગી ચોક્કસ પાટીદાર,લુહાણા સમાજ જેવી જ્ઞાતિના રાજકીય કહેવાતા બિન સનાતની હિન્દુ સહયોગીઓ.. મારો ખુલ્લો પડકાર

સ્વામીનારાયણ સંપ્રદાય ને ક્યારેય સનાતની કહી શકાય નહિ૫.આ સંપ્રદાય બિન સનાતની હિન્દુ તરીકે હાલમાં વિભિન્ન સરમુખત્યાર રીતે પોતાનો સંપ્રદાય ચલાવી રહ્યા છે જેનો ઈતિહાસ અઢીસો વર્ષ થી વધારે નો નથી૫આ સંપ્રદાય ૧૯૪૮ માં કોર્ટ માં રકુવત કરી છે કે અમારો ધર્મ હિન્દુ નથી....આ તો વોટ બેન્ક ની દેશ વિદેશ ની લાલચો શાધક સરકાર ને બતાવી સરકારી સહાય ની લાલચે પોતાના સંપ્રદાય ને હિન્દુ સનાતની સાથે કેટલાક વર્શ થી ભેળવવા થનગની હિન્દુ દેવી દેવતાઓ ની મૂર્તિઓ મંદિરોમાં સ્થાપિત કરી છે... સ્વામીનારાયણ સંપ્રદાય ના નૌતમ સાધુ ને વિનંતી સહ ચેતવણી સાથે કહુ છું કે આ વિવાદ ને તમે રાજકીય આશ્રાલય હેઠળ નાનો ગણી ને સનાતન ધર્મ પ્રેમીઓ ને કોર્ટ માં જવાબ આપવાની વાત તે કરી છે તે કદાપિ ચલાવી લેવાશે નહિ.. હનુમાનજી એ સ્વામિનારાયણ સાધુ ની સેવા કરી તેવો તમે બફાટ કરો છો? ભારત ના હમ્પી માં હનુમાનજી ના પ્રાગટ્ય સ્થાન જોઈ આવો૫શ્રી લંકા માં અશોક વાટિકા હનુમાનજી ના પગલાં જોઈ આવો હજારો હનુમાનજી માં મંદિરોમાં શનિવાર,મંગળવાર ના દશ્ય જોઈ આવો૫૫છી નક્કી કરજો કે તમારા સ્વામીનારાયણ સાધુ પહેલા જન્મ્યા કે હનુમાનજી નું પ્રાગટ્ય પહેલા થયું અને કોની કોણે સેવા કરી?૫હજુ તો હનુમાનજી ના નામે લાખો કરોડો રૂપિયાની આવક હનુમાનજી ના નામે સાળંગપુર માં તમે ઉઘરાવી વડતાલ ટ્રસ્ટ ભેગી કરો છો અને તેમાંથી સનાતન ધર્મ ના દેવી દેવતાઓ ને નીચા બતાવી પામર તરીકે ચીતરી બનાવતી શાસ્ત્રો તૈયાર કરી ધર્મ ને છેતરી રહ્યા છો અને એવા ખોટા પુસ્તકો છપાવી વેચી,વહેંચી રહ્યા છો૫.ઘનશ્યામ પાંડે ને સર્વોપરી બનાવવા થનગની રહ્યા છો પણ અઢીસો વરસ નો ઈતિહાસ સામે છે કે તમે સંપ્રદાય બચાવવા.ચલાવવા સનાતન ધર્મ ના દેવી દેવતાઓ નો ખોટો ઉપયોગ કર્યો છે અને હજુ કરી રહ્યા છો..હવે તમારા સંપ્રદાય ના ધર્મ ના અખાડા ને ખુલ્લા કરવામાં આવશે૫.લોકો કસ્ટભંજન હનુમાનજી ની પૂનમ ભરવા અને આખો મહિનો દર્શન કરવા આવે છે .અને તમે ભક્તો ને ઊંધા ચશ્મા પહેરવી હાનુમનાજી ના દોરા બનાવી ધુણાવી ,હનુમાનજી મટાડી દેશે તેમ કહી પાછા કહો છો કે સારું થાય એટલે સ્વામિનારાયણ માં સેવા લખાવજો એમ કહી સનાતન ધર્મ પ્રેમી ને છેતરી રહ્યા છો જે જગ જાહેર છે૫.તમે શું કોર્ટ માં તમારા બનાવેલ ભગવાન નું પ્રમાણ રજૂ કરવાના..હજારો લોકો આવા જુઠા પ્રચાર ના પ્રમાણ ના જવાબ આપવા તૈયાર છે..ત્યારે તમને ઊંધી પૂછડિયે ભાગતા નહિ આવડે તેનું ધ્યાન રાખજો૫.૨૦૦ અઢીસો વર્ષ ના તમારા સાધુઓ ના તમારા વિકસાવેલ ,સનાતન ધર્મ ના પુરાણ શાસ્ત્રો ઉપરથી બનાવેલ ઈતિહાસ ને ભગવાન ક્યારેય કહી શકાય નહિ૫ ઘનશ્યામ પાન્ડે છપૈયા ના એક ઔધિચ્ય બ્રાહ્મણ હતા અને ગોપાળાનંદજી પણ બ્રાહ્મણ હતા તેઓ ધર્મ પ્રચાર કરી અન્ય જાતિઓ માં બ્રહ્મ જ્ઞાન થી પૂજાવવા સહજાનંદ નામ ધારણ કરી સંપ્રદાય ની શરૂવાત કરી૫અને તે વંશ વેલો ચાલે તે હેતુથી તેમના બંને ભત્રીજા ને ધર્મ ની હદ ના ભાગલા પાડી સંપ્રદાય ની વહેચણી કરી..જેમાંથી છૂટા પડેલા પોતાની જાતે સંપ્રદાય ને વિકસાવવા જુદા જુદા ફાટા પડ્યા જે અંગેના અનેક કેસ કોર્ટ માં ચાલે છે૫તે સનાતન ધર્મ તેનાથી પર છે૫સંત નરસિંહ મહેતા,જલારામ બાપા જેવા અનેક સંતો,સાધુઓ થઈ ગયા જેને આજે પણ ભગવાન કહેવાતા નથી તો તમારા આ બસો અઢીસો વર્ષ મા થયેલા સાધુઓને ભગવાન કદાપી કહી શકાય નહિ૫રાજકીય પક્ષો હરી ભક્તો ની વોટ બેંક ખાતર રાજકીય માન સન્માન આપે અને કાયદો વ્યવસ્થા જાળવી તમારો સંપ્રદાય રાજકીય નેતાઓ ની આરતી ઉતારે તેનાથી કાઈ સનાતન ધર્મ પ્રેમી જનતા અને સાધુ સંતો તમારી બનાવેલી રાજકીય બહુમત ને તાબે થાય નહિ૫.સનાતન ધર્મ અને સૃષ્ટિ નું સર્જન કરનાર દેવાધિદેવ મહાદેવ ના ૧૨ જ્યોર્તિલિંગ.૫૧ શક્તિ પીઠ તેના પ્રમાણ છે અને સ્વયમ લાખો.કરોડો તેના અનુયાયીઓ છે૫.તમારી ઘમંડી ભૂલ ભરેલી વાતો તમારા નવા નિશાળિયા બનાવેલા તમારા અજ્ઞાની આવા સાધુઓ ને કોઠે ઉતારજો કેમકે તેમને ગામડાઓ ખુંદી ઝોળી ફેરવી સંપ્રદાય ના મંદિરો ચલાવવાના છે..સનાતન ધર્મ મા ક્યારેય દાન ની ભીખ નો કોઈ વ્યવહાર ક્યાંય જોવા મળતો નથી..તેમ પણ ભગવાન પરશુરામ અને હનુમાનજી ચિરંજીવી છે..જેમને તમારા બની બેઠેલ સાધુઓ ના દાસ કહેવડાવી તમારો સંપ્રદાય તમારી બુદ્ધિમત્તા નું પ્રદર્શન કરે છે..કેટલીયે વાર દેવી દેવતા વિષયક બફાટ કરેલા સાધુઓ જાહેર મા માફી માંગી ચૂક્યા છે..અનેક સનાતની સંતો,મહાત્માઓ,કથાકારો તમને વિનંતી કરી ચૂકી છે છ્તાં તમારા સંપ્રદાય ના લોકો રાજકીય ઓઠાર હેઠળ જીવી ને આધુનિક ધાર્મિકતા તરફ આગળ વધી છાસ વારે ભૂલો કરે છે..સાળંગપુર ના અનુપમ નામના સાધુ અત્યારે માફી માંગતો વિડિયો મૂક્યો છે..અને કબૂલ્યું છે કે ઘણીવાર અતિરેક માં આવું બની જતું હોય છે..હજુ શરમ.લાજ અને ઈજ્જત જેવું કાઈ તમારા સમપ્રદાય માં બચ્યું હોય તો જાહેર સનાતની ધર્મ પ્રેમીઓ ની જે લાગણી શ્રાવણ માસ મા તમે દુભાવી છે તેની સર્વ સ્વામિનારાયણ સંપ્રદાયના ફાંટાઓ માફી માંગી લેજો નહીતો રાજકીય આશ્રાલય હોવા છતાં ભભૂકેલી આગમાં ભસ્મ થતાં વાર નહિ લાગે૫..દેશ વિદેશમાં આવવા જવા, હવાલા ના મોટા આર્થિક કામો અને વિદેશ ના આશ્રાલયો માં વસવાટ ,ધર્મ ના ઓથાર હેઠળ વ્યવસાય અને વિદેશી ચલણ ની ગોઠવણ ના કામો જૈેજીર્જી (ઇન્ટરનેશનલ સ્વામિનારાયણ સત્સંગ ક્ષ્રિીહક્રૈડીજરક્રહ)નામની સંસ્થા બનાવી કરી રહ્યા છો તે અમારા જાણમાં નથી તેવું માનતા નહિ૫તમારા કેટલાયે ગામડે થી ભાગી આવી તમારા સંપ્રદાય માં સાધુ બની મંદિરો નો વહીવટ સંભાળી,કામલીલા માં સંડોવાઈ વિદેશ સંપત્તિ ટ્રાન્સફર કરાવી સંસારી બની ને દુબઈ.લંડન.અમેરિકા સ્થાયી થયા છે જે અમારી જાણ બહાર નથી.અસંખ્ય બનાવેલા હરી ભક્તો ના એકાઉન્ટ ના દૂર ઉપયોગ કરી ચોક્કસ જ્ઞાતિના લોકો ને તેમની કુળદેવી ફેરફાર કરાવી પરાણે સ્વામિનારાયણ બનાવી રાજકિય સહયોગીઓ ને ટેકા રૂપ બની,રાજકીય નેતાઓ ને તમારા હરિભક્તો ની વોટ બેંક ની લાલચ આપી જાહેર મા સાધુ હોવા છતાં શાસક પાર્ટીના પ્રચાર કરી સરકારી પોપટ પ્રવક્તા નૌતમ સાધુ૫ તમને જનતા એ જોયા છે૫.તેનાથી શાસક પક્ષ ના આકાઓ તમારી ઉપર ખુશ રહે અને તેમની રહેમ નજર હેઠળ તમે સ્મપ્રદાય ના કાળા ધોળા કરી રહ્યા છો૫સનાતન ધર્મ ની જાળવણી કરવા સનાતન ધર્મ ની ફોજ ને કોઈ રાજકીય પક્ષ ના ટેકાની ક્યારેય જરૂર ના હોય૫એ તો ચીનગારી ભડકે એટલે હજારો ની ફોજ બહાર આવી અસત્ય નો નાશ કરે૫.જેમ અંગ્રેજો સામે સનાતન ધર્મ ની જીત થઈ છે૫..પણ યાદ રાખજો કે તમારા હરી ભક્તો ની વેચેલ વોટ બેન્ક થી સનાતન ધર્મ ની ફોજ તમારા કરતાં હજારો ઘણી વધારે છે..સનાતન ધર્મ ના દેવી દેવતાઓ ના હજારો મંદિરો હજારો વર્ષોથી આજે અડીખમ છે અને સનાતની ધર્મ પ્રેમી જનતા ના આસ્થા ના પ્રતિક સમાન છે૫જ્યારે તમે હજુ છેલ્લા એક દાયકા માં બારસો. પંદર્શો મંદિરો જુદા જુદા ફાટા ના બનાવી બેઠા છો જેમાં તમારા સાધુઓ ની મૂર્તિ ને તમે ભગવાન કહેવડાવો છો૫રાજકીય નેતાઓ ને તમારા મંદિરો મા આશ્રય આપી..તેમને રીઝવી કેવી રીતે તમે અસંખ્ય દેશ વિદેશ ના મંદિરો નો વહીવટ કરી રહ્યા છો જે સમગ્ર તમારાં ફૂલ્યા ફાલ્યા આધુનિક પશ્ચિમી સંસ્કૃતિ મા તમે કેવી રીતે ધર્મ સ્થાનો ચલાવો છો તે સનાતની ધર્મ.પ્રજા સારી રીતે જાણી ગઈ છે.આવા તમારા સંપ્રદાય ના ધર્મ નો વેપાર હવે ખુલ્લો પડતાં વાર નહિ લાગે૫તમારા સાધુઓ ની લંપટ લીલાઓ ના ઈતિહાસ પ્રજાએ જોયા છે,વિડિયો વાયરલ પણ થયેલા છે.હજુ જો નૌતમ સાધુ તમે વધુ કોઈ આધુનિક લીલા નો બફાટ કરશો તો તમારા સનાતન ધર્મ ના વેદ,પુરાણો ,ઉપનિષદ અને વેદ ના શાસ્ત્રો ઉપરથી બનાવેલા સ્વામીનારાયણ સંપ્રદાયના ખોટા શાસ્ત્રો નો પર્દાફાશ કરી તમારા ચિઠ્ઠા જો ખોલવાના શરૂ થશે તો ગુજરાત બહાર જવાનો કે મંદિર બહાર જવાનો કોઈ રસ્તો તમને નહિ મળે.અને શાસક સરકાર ની છત્ર છાયા માં નજર કેદ સિક્યોરિટી મા અથવા આશારામ ની જેમ આજીવન જેલ માં રહેવાનો વારો આવશે૫હું સર્વ સમાજ નો માર્ગ દર્શક બ્રહ્મ સમાજ મીડિયા સેવક પ્રદીપ રાવલ ફરી આપને ચેતવણી સહ વિનંતી કરું છું કે અડધા શ્રાવણ માં પૂજાપાઠ કરતા બ્રાહ્મણો ને શ્રાવણ.માસમાં કોપાયમાન વધુ કરશો નહિ.અને તમે તમારી સંપ્રદાય ની પેઢીઓ સંભાળી ને બેસી રહો..અમારા આક્રોશ ની આડે કોઈ રાજકીય આશ્રાલયો,રાજકીય નેતાઓ,ઉધોગપતિઓ કે રાજકીય ધર્મ ના દલાલો પણ અસ્થાને છે અને કોઈ રાજકીય નેતા હજી જન્મ નથી લીધો કે અમારા સનાતની સત્ય ની જાળવણી કરતા ની આડે આવે૫..પ્રદીપ રાવલ (બ્રહ્મ મીડિયા સેવક)(૯૮૨૪૬૫૩૦૭૩)

આભાર - નિહારીકા રવિયા

# જીપેરી સંસ્થા ખાતે વિદેશી વિદ્યાર્થીઓ નું સ્વાગત તથા Invincible NGO સંસ્થા ની શાખા નો પ્રારંભ




મહેસાણા સ્થિત, ગુજરાત પાવર એન્જીનીયરીગ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (ઁઈઁ-ઁ), ખાતે આજે તા. ૨જી સપ્ટેમ્બર, શનિવાર ના રોજ, ઇન્ટરનેશનલ કાઉન્સિલ ફોર કલચરલ રિલેશન્સ (ૈઝઇ), મિનિસ્ટ્રી ઓફ એક્સટર્નલ અફેર્સ અને ઁ ના ઇન્ટરનેશનલ સ્ટુડેંટ્સ સેલ (ૈજીઝ) દ્વારા, ઁઈઁ સંસ્થા ના અભ્યાસક્રમો માં એડમિશન મેળવનાર વિવિધ દેશોના આશરે ૪૦ જેટલા વિદ્યાર્થીઓ ના સ્વાગત અને ઓરિએન્ટેશન માટે એક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન GPERI ,Invincible NGO સાથે ×યુથ બ્રિગેડ× ની શાખાનો પણ પ્રારંભ કર્યો હતો.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે મહેસાણા જિલ્લા ના સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ શ્રી અચલ ત્યાગી,ઁજી, અને અતિથિ વિશેષ તરીકે કેચ ફાઉન્ડેશન ના શ્રી નિશિકાંત હાંડા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત માં, સ્વાગત પ્રવચન માં સંસ્થા ના પ્રિન્સિપાલ ડો. ચિરાગ વિભાકરે સર્વ વિદેશી વિદ્યાર્થીઓ ને જીપેરી કોલેજ માં એડમિશન લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. એમણે ખાતરી આપતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ નો જીટીયુ ની આ વિભાગીય કોલેજ ને પસંદ કરવાનો નિર્ણય ખુબ જ યોગ્ય નીવડશે. આ સાથે જીપેરી ખાતે વિદેશી વિદ્યાર્થીઓ ની સંખ્યા ૧૧૧ જેટલી થઇ છે.કાર્યક્રમ ના મુખ્ય અતિથિ શ્રી અચલ ત્યાગી એ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન આપતા, કોલેજ લાઈફ ના સમય નો સદ્ઉપયોગ કરીને, સારું જ્ઞાન મેળવવા, સારા મિત્રો બનાવવા અને સમય મળ્યે વિવિધ સ્થળોની મુલાકાત લેવા જણાવ્યું હતું. અતિથિ વિશેષ શ્રી નિશિકાંત હાંડા એ પર્યાવરણ ની જાળવણી માટેના સુંદર સલાહ સૂચનો અને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આજના દિવસે, યુથ બ્રિગેડ ની જીપેરી સંસ્થા ખાતેની શાખા દ્વારા વિદ્યાર્થી ઓ માટે વિવિધ જ્ઞાનલક્ષી અને કૌશલ્ય લક્ષી પ્રવૃતિઓ નું આયોજન કરવામાં આવ્યું હતું., જેમાં રાઈફલ શૂટિંગ, ફર્સ્ટ એડ ટ્રીટમેન્ટ, અને પબ્લિક સ્પીકિંગ માટેની ટ્રેનિંગ આપવામાં આવી હતી. કુલ ૧૨૦ વિદ્યાર્થીઓ એ આ પ્રવૃતિઓ માં ભાગ લીધો.

આ સમગ્ર કાર્યક્રમ નું આયોજન સંસ્થા ના અધ્યાપક પ્રો. કેદાર બધેકા અને પ્રો. જોસેફ સેબેસ્ટિયન દ્વારા, સંસ્થા ના સર્વે સ્ટાફ ની મદદ થી, કોલેજ ના પ્રિન્સિપાલ ડો. ચિરાગ વિભાકર ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ડાંગ જિલ્લા વઘઇ તાલુકાના ઝાવડા ખાતે રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી કરાઈ.



ડાંગ જિલ્લાના નેહરુ યુવા કેન્દ્ર દ્વારા ગત તા. ૨૯-૦૮-૨૦૨૩ ના રોજ વઘઈ તાલુકાના ઝાવડા ગામ ખાતે મેજર ધ્યાનચંદજીની જન્મજયંતિની પૂર્વસંધ્યાએ, રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઝાવડા ગામ ખાતે રાષ્ટ્રીય યુવા સ્વયંસેવક શ્રી પરિમલ ચૌધરી દ્વારા રમતગમતમાં મેજર ધ્યાનચંદજીના યોગદાન વિશે યુવાનોને જાગૃત કરવામાં આવ્યા હતા. તેમજ કબડ્ડી રમતનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# સુરત રેન્જ આઈજીપી ડાંગ જિલ્લાની મુલાકાતે



સુરત રેન્જના ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ વી.ચંદ્રશેખરે તાજેતરમાં ડાંગ જિલ્લાની મુલાકાત લીધી હતી. ડાંગ જિલ્લા પોલીસના વાર્ષિક ઈન્સપેક્શન દરમિયાન પરેડ કમાન્ડર તરીકે પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયાએૈઁને શસ્ત્ર સલામી આપી સન્માન કર્યું હતું. દરમિયાનૈઁ દ્વારા શ્રેષ્ઠ પરેડ માટે પોલીસ જવાનોને એવોર્ડ્સ આપી પ્રોત્સાહિત કર્યા હતા. પરેડ બાદ સ્કવોર્ડ ડ્રીલ, પી.ટી., લોગ પી.ટી., કેદી પાર્ટી ડ્રીલ, લાઠી ડ્રીલ, રાયફલ પી.ટી., ફાયર આર્મ્સ ડ્રીલ, બોમ્બ ડીસ્પોઝલ ટેકનિક, મ્યુઝિક બેન્ડ, ડોગ ડ્રીલ વિથ બોમ્બ ડિટેક્ટર્સ, રાયફલ બેનેટ ફાઈટ્સ, સાયન્ટીફિક ઈન્વેસ્ટીગેશન ટેકનોલોજી, એન્ટી ટેરરીસ્ટ ઓપરેશન, એન્ટી રાયોટ મોકડ્રીલ, ઓબ્સ્ટીકલ એક્શન્સ વગેરે ૨૧ જેટલી એક્ટિવિટી પ્રદર્શિત કરવામાં આવી હતી.ૈઁ વી. ચંદ્રશેખરે પોલીસના રહેણાંકના મકાનો, રિઝર્વ પોલીસ ઈન્સ્પેકટરની કચેરી, આર્મ્સ એન્ડ એમ્યુનેશન્સ, પોલીસ ઈક્વીપ્મેન્ટ્સ, ક્વાર્ટર ગાર્ડનું ઈન્સ્પેકશન કરી એક્સલેન્ટ પર્ફોમન્સ બદલ સરાહના કરી હતી. પોલીસ તાલીમ ભવનમાં પોલીસ સંમેલન યોજી કર્મચારીઓની સમસ્યા સાંભળી નિવારણની પણ ખાતરી આપી હતી. મુલાકાત દરમિયાન ૈઁએ જિલ્લાના પ્રમુખ આગેવાનો સાથે બેઠક યોજી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનો તાગ પણ મેળવ્યો હતો.

## ડાંગ જિલ્લા આહવા તાલુકાના ટાકલીપાડા ગામે એક વૃદ્ધને બાઈકચાલકે અડફેટમાં લેતા ગંભીર ઇજાઓ પહોંચતા મોત

પોલીસ સૂત્રોથી મળતી માહિતી ટાકલીપાડા ગામે રહેતા અંબાદાસ રતન ભોયે પગપાળા જઈ રહ્યા હતા. તે દરમિયાન ગફલત ભરી રીતે બાઈકચાલક જીતેશ કેશું વળવીએ અંબાદાસભાઈને ટક્કર મારતા તેઓને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલ આહવા ખસેડાયા હતા.ગત રાત્રે ૮ વાગ્યાના સુમારે આહવા તાલુકાના ટાકલપાડા ગામે રહેતા અંબાદાસ રતન ભોંયે બાજુમાં આવેલા ઉમરપાડા તેમના કાકાની તબિયત સારી ન હોવાથી તેમની ખબર અંતર પૂછવા માટે પગપાળા ઉમરપાડા જઈ રહ્યા હતા. તે દરમિયાન એક યુનિકોર્ન બાઈકના ચાલકે ગફલત ભરી રીતે બાઈક ચલાવતા અંબાદાસ રતન ભોંયેને અડફેટે લેતા તેઓને ગંભીર ઈજાઓ થઈ હતી. ગંભીર ઈજાઓ થતાં તેમને ૧૦૮ દ્વારા આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. હાલ પોલીસે ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ચાણસ્મા તા.પંચાયતની ચૂંટણીને લઈ જાહેરનામુ બહાર પડાયું



જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ ઉપપ્રમુખની ચુંટણીને લઈ હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે જે તે પાર્ટી દ્વારા ઉમેદવારોના સેન્સ લેવાની પણ પ્રક્રિયા હાથ ધરાઇ છે ત્યારે આજરોજ ચાણસ્મા તાલુકા પંચાયતની પ્રમુખ તેમજ ઉપપ્રમુખની ચૂંટણીને લઈ ચાણસ્મા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીશ્રી લક્ષ્મીબેન ઠાકોર દ્વારા પંચોને સાથે રાખી જાહેરનામુ બહાર પાડ્યું હતુ

ચાણસ્મા તાલુકા પંચાયતમા પ્રમુખપદ માટે અનુ.જાતી ની સીટ હતી જે અઢી વર્ષની ટર્મ પુરી થતા હવે નવેસરથી નવા રોટેશન પ્રમાણે સ્ત્રી .સામાન્યની સીટ નક્કી કરવામાં આવી છે ત્યારે ચાણસ્મા તાલુકા પંચાયતમા મહિલા દાવેદાર છે ત્યારે આગામી તારીખ ૧૨-૯-૨૦૨૩ ના રોજ સવાર ૧૧ થી ૨ વાગ્યા સુધી ઉમેદવારોએ ફોર્મ ભરવાના રહેશે તેમજ ફોર્મ ચકાસણી પણ તેજ દિવસે કરાશે ત્યારબાદ તારીખ ૧૩-૯-૨૦૨૩ ના રોજ ચાણસ્મા તાલુકા પંચાયતના સભાખંડમા ચૂંટણી પ્રકિયા હાથ ધરવામાં આવશે તેમ તાલુકા વિકાસ અધિકારીશ્રી લક્ષ્મીબેન ઠાકોરે જણાવ્યુ હતુ.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.